॥२१७॥

<u>પ્રેસનોટ</u>

# વર્તમાન પરિસ્થિતિના સંદર્ભમાં તલગાજરડા ખાતે
# શ્રી હનુમાન જયંતીના ઉત્સવો સ્થગિત

શ્રી ચિત્રકૂટધામ તલગાજરડા ખાતે છેલ્લાં ૩૮ વર્ષોથી પ્રતિવર્ષ શ્રી.હનુમંત જન્મોત્સવના ઉપલક્ષ્યમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. ભારતીય સંસ્કૃતિક વારસાના જતન-સંવર્ધનને કેન્દ્રમાં રાખી નૃત્ય એવં સંગીતનાં કાર્યક્રમો યોજાય છે. આ વર્ષે તારીખ ૫-૬-૭-૮ એપ્રિલ ૨૦૨૦ દર્મ્યાન આ કાર્યક્રમ નિર્ધારિત થયો હતો. પરંતુ કોરોના વાયરસને કારણે ઉદ્ભવેલી સ્થિતિને લક્ષ્યમાં લેતાં જન આરોગ્યની કાળજી લેવાય અને સરકારની અપીલને પણ ધ્યાન પર લેતા તકેદારીના પગલાં રૂપે શ્રી.ચિત્રકૂટધામ- તલગાજરડા દ્વારા આ વર્ષે શ્રી. હનુમાન જયંતીના કાર્યક્રમો રદ્દ કરવામાં આવ્યા છે. આ નિમિત્તે પ્રતિવર્ષ સમાજમાં વિધવિધ ક્ષેત્રોના વિદ્વતજનોને એવોર્ડ અર્પણ કરવામાં આવતા હોય છે જે એવોર્ડ્સનો અર્પણ વિધિ પણ વર્તમાન પરિસ્થિતિ સામાન્ય બન્યા બાદ યોગ્ય સમયે યોજવામાં આવશે.

‘**જન આરોગ્યની ચિંતા રાજપીઠ કરતાં પણ વિશેષ વ્યાસપીઠને છે.**’ આ વિધાન પૂજ્ય મોરારિબાપુનું છે. જે દર્શાવે છે કે આવી સંકટની સ્થિતિમાં વ્યક્તિ અને સમગ્ર સમાજે પ્રેક્ટીકલ બની વ્યવહારુ અને ઉચિત નિર્ણયો લેવા જોઈએ. અને એથી જ તાજેતરમાં રાજુલા ખાતે યોજાયેલી રામકથાને પણ આવી જ સમજણ સાથે પૂજ્ય બાપુએ મુલતવી રાખેલ છે જેનો પુન: પ્રારંભ આગામી તા.૧ એપ્રિલથી થશે.

તંત્રી શ્રી,

જય સિયારામ. ઉપરોક્ત વિગતને પ્રેસ નોટ સ્વરૂપે પ્રસિદ્ધ કરવા વિનંતી.

આભાર,

જયદેવ માંકડ

૧૮/03/૨૦૨૦